# સત્તામંડળ હેઠળની આવાસ યોજનાના દસ્તાવેજો કરવા માટેની પ્રક્રિયા નીચે મુજબ છે.

દસ્તાવેજો કરવા માટેની પ્રક્રિયા ઝડપથી થાય અને લાભાર્થીઓને દસ્તાવેજ વહેલી તકે થાય તે માટે લાભાર્થીઓ જાતે દસ્તાવેજ કરવાની પ્રક્રિયા કરી શકશે.

- સત્તામંડળની વેબસાઇટ www.auda.org.in પર જઇને સત્તામંડળના હેઠળની આવાસોનો દસ્તાવેજ નો મુસદ્દો નીકાળવાનો રહેશે.
- www.auda.org.in → HOME → NEWS AND EVENT
- ત્યારબાદ મુસદ્દામાં લાભાર્થી દ્વારા જરૂરી વિગતો સ્પષ્ટ અને ચેકચાક વગરની ભરવાની રહેશે.
- લાભાર્થીએ દસ્તાવેજ માટેની રજીસ્ટ્રેશન ફી તથા સ્ટેમ્પ ડ્યુટી ઓન લાઇન પોર્ટલ www.garvi.gujarat.gov.in પર નીચે મુજબ ભરવાની રહેશે.
  - www.garvi.gujarat.gov.in

    ↓
  - Citizen (login)

    ↓
  - User name / password

    ↓
  - Pre Registration for Document

    ↓
  - New Registration Application માં જઇને સંપૂર્ણ વિગતો ભરવાની રહેશે.
- મુસદ્દો તૈયાર થયાબાદ સત્તામંડળ કચેરીમાં લાભાર્થીએ રૂબરૂ હાજર રહી ચકાસણી કરવાની રહેશે. તેમજ પુરાવા તરીકે કબજા સોંપણી પત્ર, ફાળવણી પત્ર, પાનકાર્ડ, આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ દસ્તાવેજમા મુકવાના રહેશે.
- લાભાર્થીએ મુસદ્દામાં કોઇ પણ પ્રકારનો સુધારો વધારો જાતે કરવાનો રહેશે નહી. જો તેમ કરવામાં આવશે તો તે મુસદ્દો રદ્દ બાતલ ગણાશે. તેમજ દસ્તાવેજની તારીખ ઔડા ઓફિસ દ્વારા નક્કી કરવામાં આવશે.
- દસ્તાવેજ સબંધિત કોઇ પણ પુછપરછ ઔડા ઓફીસ, ઉસ્માનપુરા ખાતે (જાહેર રજા સિવાય) કરવાની રહેશે.

# ........................ ગૃહ યોજના

લાભાર્થીનું નામ:- ..............................................

અરજીપત્રક નં:- .................

મોબાઇલ નં:- ..........................

........................ આવાસ યોજના

ટી.પી.–..........(...................................)

એફ.પી.- ....................

બ્લોક નં–..............,ફ્લેટ નં–................

# EWS આવાસ તબદીલી માટેનું કન્વેયન્સ ડીડ (દસ્તાવેજ)

| | | |
|---|---|---|
| એક તરફવાળા (લખી આપનાર) | :- | અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ વતી મામલતદાર શ્રી,**EWS**, એસ્ટેટ શાખા, સરદાર પટેલ ભવન,ઉસ્માનપુરા,અમદાવાદ. |
| **AUDA PAN NO** | :- | **AAALA0233B** |

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં 'અમો' અગર 'એકતરફવાળા' અને અગર "લખી આપનાર" તરીકે સંબોધેલા છે. જે શબ્દના અર્થમાં લખીઆપનારનો તથા તેમના અનુગામીઓનો સમાવેશ થાય છે.)

| | | |
|---|---|---|
| બીજી તરફવાળા :- | | ................................................................. |
| (લખાવી લેનાર) | | બ્લોક-......./ફ્લેટ-........., .............. આવાસ યોજના, ............................................................... |
| આધાર કાર્ડ નં. :- | | ............................................................... |

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં 'તમો' અગર 'બીજીતરફવાળા' અને અગર "લખાવીલેનાર" તરીકે સંબોધેલા છે. જે શબ્દના અર્થમાં બીજીતરફવાળા/લખાવીલેનારનો તથા તેમના વંશ, વાલી, વારસો. એસાઇનીઓ, એડમીનીસ્ટ્રેટરો, એક્ઝીક્યુટરો, ટ્રાન્સફરીઓ, કુલમુખત્યારો વિગેરે તમામનો સમાવેશ થાય છે.)

આ લેખના એકતરફવાળાઅને બીજીતરફવાળા વચ્ચે મજકુર ડીડ ઓફ કન્વેયન્સ કરવામાં આવે છે કે :-

(૧) આ લેખના એકતરફવાળા ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ અન્વયે સ્થપાયેલ સંસ્થા છીએ.

(૨) આ લેખના એકતરફવાળાનાએ, માનનીય ................................ આવાસ યોજના અન્વયે શહેરી ગરીબોને રાહતદરે પોતાની માલિકીનુ મકાન મળે તે હેતુથી ઔડાની માલિકીની શિડ્યુલમાં જણાવ્યા પ્રમાણેની જમીન ઉપર "....................... શહેરી ગરીબ આવાસ યોજના" ના ફ્લેટોનુ બાંધકામ કરેલ છે. સદર ફ્લેટોના એલોટમેન્ટ સારૂ એક્તરફવાળાએ વર્તમાનપત્રમાં જાહેર ખબર આપેલ. તથા તે એલોટમેન્ટ અંગેના અરજીફોર્મ બહાર પાડેલા. ત્યારબાદ સદર ફોર્મ ભરીને પરત આવ્યા બાદ નીતિ-નિયમો મુજબ માનનીય ...........................શ્રીની ઉપસ્થિતીમાં પારદર્શી કોમ્પ્યુટર પધ્ધતિથી એલોટમેન્ટ અંગે "ડ્રો" કરવામાં આવેલ. સદર કોમ્પ્યુટર ડ્રો માં આ લેખના બીજીતરફવાળા સફળ થયેલા છે. પરિણામે આ લેખના એકતરફવાળા ફાળવણીની શરતોને આધિન નીચે શિડ્યુલમાં જણાવ્યા પ્રમાણેની મિલકત બીજીતરફવાળાને એલોટ કરી, ઉપરદળ વેચાણ આપેલ છે. તે સારૂ આજરોજ આ દસ્તાવેજ કરવામાં આવેલો છે.

(3) આ દસ્તાવેજમાં નીચે શિડ્યુલમાં જણાવ્યા પ્રમાણેની જમીન એકતરફવાળા, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા)ની માલિકીની આવેલી છે. સદર જમીન ઉપર એકતરફવાળા દ્વારા માનનીય ........................... ગૃહ યોજના અન્વયે શહેરી ગરીબોને રાહતદરે પોતાની માલિકીનુ મકાન મળે તે હેતુથી આવાસોનું બાંધકામ કરેલ છે. સદર યોજના "................... આવાસ યોજના" ના નામે ઓળખાય છે.

(૪) સદર ઉપરોક્ત જણાવ્યા પ્રમાણેના એલોટમેન્ટના ડ્રો માં આ લેખના બીજીતરફવાળા સફળ થયેલા છે. મજકુર હકીકતોએ સદર "......................... આવાસ યોજના" ના નીચે જણાવ્યા પ્રમાણેના આવાસ બ્લોક નં-.............., ફ્લેટ નં- ................. વાળી મિલકતનું ઉપરદળ એલોટમેન્ટમાં જણાવ્યા પ્રમાણેની શરતોને આધીન, બીજી તરફવાળાને રૂા .................../- અંકે રૂપિયા ત્રણ લાખ રૂપીયા પુરાના અવેજમાં એકતરફવાળાએ વેચાણ આપેલ છે.

(૫) આ લેખના બીજીતરફવાળાએ મજકુર પ્રકરણે એકતરફવાળાને ફ્લેટના અવેજની પુરેપુરી રકમ નીચે જણાવ્યા પ્રમાણેની વિગતોએ ચુકતે વસૂલ આપેલ છે.

શિડ્યુલ(અવેજની વિગત)

| વિગત | રકમ રૂા. | બેંક | ડી.ડી. નંબર | તારીખ |
|---|---|---|---|---|
| અરજી ફોર્મ સાથે ચુકવેલ રકમ | | | | |
| પ્રથમ હપ્તા પેટે ચુકવેલ રકમ | | | | |
| બીજા હપ્તા પેટે ચુકવેલ રકમ | | | | |
| ત્રીજા હપ્તા પેટે ચુકવેલ રકમ | | | | |
| ચોથા હપ્તા પેટે ચુકવેલ રકમ | | | | |
| પાંચમા હપ્તા પેટે ચુકવેલ રકમ | | | | |
| છઠ્ઠા હપ્તા પેટે ચુકવેલ રકમ | | | | |
| સાતમા હપ્તા પેટે ચુકવેલ રકમ | | | | |

(૬) સદરહું શિડ્યુલમાં જણાવેલ મિલકતનો પુરેપુરો અવેજ બીજીતરફવાળા પાસેથી, અમો એકતરફવાળાને મળી ગયેલ છે. અને તેથી ત્યારબાદ અમો એકતરફવાળાએ, બીજીતરફવાળાને શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો સોંપેલો છે.

(૭) સદર ફ્લેટની ફાળવણી અને વેચાણ દસ્તાવેજ શહેરી ગરીબ આવાસ યોજના હેઠળ કરેલ છે. પરિણામે સદર યોજના અન્વયે બહાર પાડેલા ફોર્મમાં વેચાણની શરતો નક્કી કરવામાં આવેલી છે. સદર શરતો અમો બીજી તરફવાળાએ વાંચી અને સમજી લીધેલ છે. સદર શરતો અમો બીજીતરફવાળાને કબૂલ, મંજુર અને બંધનકર્તા છે. અને સદર તે પ્રમાણેની શરતોની વિગતો નીચે પ્રમાણે છે.

## <u>શરતો</u>

૧. બીજીતરફવાળા એટલે કે લાભાર્થીના કુટુંબની કુલ વાર્ષિક આવક રૂા ૩,૦૦,૦૦૦/- અંકે રૂપિયા ત્રણ લાખ રૂપીયા થી વધુ નથી.

૨. બીજીતરફવાળા-લાભાર્થીના કુટુંબમાં ભારત દેશમાં કોઇપણ સ્થળે પાકુ મકાન અથવા જમીનનો પ્લોટ નથી, અને આ મુદ્દે જો કોઇ ખોટી રજુઆત કરી હોવાનું ધ્યાનમાં આવશે તો તેમને ફાળવાયેલ આવાસનું એલોટમેન્ટ ઔડા દ્વારા રદ્દ કરવામાં આવશે અને ભરેલ ડિપોઝીટની પુરેપુરી રકમ જપ્ત કરવામાં આવશે.

૩. આ કન્વેયન્સ ડીડ (દસ્તાવેજ) અને તેને આનુષાંગિક તમામ ખર્ચ લાભાર્થીએ - બીજી તરફવાળાએ ભોગવવાનો રહેશે.

૪. ફાળવવામાં આવેલ મકાન (ફલેટ) રહેણાંકના હેતુ સિવાય અન્ય કોઇ હેતુ માટે ઉપયોગમાં લઇ શકાશે નહી. તેનો અન્ય ઉપયોગ થતો માલુમ પડશે તો મકાન (ફલેટ) ની ફાળવણી રદ્દ કરવામાં આવશે.

૫. લાભાર્થી પોતાને ફાળવેલ મકાન(ફલેટ) કબજો સોંપ્યાની તારીખથી ૦૭ (સાત) વર્ષ સુધી અન્ય વ્યક્તિને કોઇ પણ રીતે ભાડે/વેચાણ કે અન્ય રીતે ઉપયોગ માટે આપી શકશે નહીં અને જો તેમ કર્યાનુ સત્તામંડળના ધ્યાને આવશે તો તેઓને ફાળવેલ મકાન(ફલેટ) આપોઆપ રદ્દ થશે અને તેનો કબજો સત્તામંડળ પોતાના હસ્તક લઇ શકશે અને આવાસ પેટે લાભાર્થીએ ભરેલ તમામ રકમ જપ્ત કરવા સુધીની કાર્યવાહી કરી શકશે. અને લાભાર્થીનો સદરહું આવાસ એકમ પર કોઇ પણ પ્રકારે કોઇ, હક્ક દાવો કે અધિકાર કરી શકશે નહી કે રહેશે નહી.

૬. સત્તામંડળની પુર્વ મંજૂરી વગર લાભાર્થી પોતાના અને આશ્રિત કુટુંબીજનો સિવાય ફાળવેલ મકાન (ફલેટ)નો ભોગવટો/કબજો, નામફેર દસ્તાવેજ, બાનાખત કે મુખત્યારનામાંથી કોઇ પણ વ્યક્તિને ભાડે અથવા વેચાણથી તબદિલ કરી શકશે નહિં.

૭. બીજીતરફવાળાએ સદરહું મિલકત/આવાસ એકમ અંગે સરકારી/ અર્ધસરકારી/સ્થાનિક સત્તાના જે કોઇ પ્રકારે નિયત કરેલ તમામ પ્રકારના વેરા/કરવેરા/ચાર્જીસ તથા વીજ વપરાશના જે કોઇ ચાર્જીસ હોય તે ભરવાના રહેશે. તે અંગે સત્તામંડળની કોઇ જવાબદારી રહેશે નહીં.

૮. એકતરફવાળા દ્વારા સદર આવાસો માટે તૈયાર કરેલ રહેણાંક સંકુલમાં કોઇપણ પ્રકારની ગંદકી ન થાય અને સ્વછતા જળવાય તથા સદરહું જગ્યાની હરિયાળી સુરક્ષિત રાખવાની જવાબદારી બીજીતરફવાળાની રહેશે.

૯. બીજીતરફવાળા સદરહું આવાસોની ઉપર કે તેની આસપાસ કોઇપણ પ્રકારનું હંગામી કે સ્થાયી બાંધકામ/સ્ટ્રક્ચર કરી શકશે નહીં. આ પ્રકારનું કોઇ કૃત્ય કરી શકશે નહી. સદરહું આવાસોના ઉપરના માળે કોઇ પણ બાંધકામનો હક્ક એકતરફવાળા પોતાની પાસે અબાધિત રાખે છે અને રહેશે.

૧૦. સદરહું આવાસોની એકતરફવાળા દ્વારા ફાળવણી કર્યાબાદ આવાસો કે આવાસ સંકુલ કે તેના કોઇ ભાગને કુદરતી અથવા કૃત્રિમ કારણોસર નુકશાન થાય તો તેની જવાબદારી આવાસ/ફ્લેટધારક વ્યક્તિની/બીજીતરફવાળાની રહેશે તથા આ અંગે સત્તામંડળ/એકતરફવાળા સામે કોઇ પણ જાતના નુકશાન કે વળતર અંગે હક્ક દાવો કે રજુઆત કરી શકશે નહીં.

૧૧. બીજીતરફવાળા લાભાર્થીઓએ ફરજીયાત એસોસીએશનની રચના કરવાની રહેશે. બીજીતરફવાળા/લાભાર્થીએ આવાસ યોજનાની સહકારી મંડળીનું ફરજીયાત સભ્યપદ મેળવવાનું રહેશે. મકાનનો કબજો સંભાળ્યા પછી બીજીતરફવાળા, વેચાણ રાખનારે લિફ્ટ, રસ્તા, સ્ટ્રીટ લાઇટ, ગટર, પાણી વગેરે સુવિધાઓનો સુમેળથી ઉપયોગ કરવાનો રહેશે તેમજ પેસેજની જગ્યા ખુલ્લી અને સ્વચ્છ રાખવાની રહેશે. એસોસીએશનના દરેક સભ્યએ દર માસે એસોસીએશન નક્કી કરે તે ચાર્જ/નાણાં ભરવાના રહેશે ફાળવણી થયા બાદ/કબજો સંભાળ્યા પછીના તમામ વેરા/ચાર્જીસ/લાઇટ બિલ વગેરે બીજીતરફવાળાએ ભરવાના રહેશે તે અંગે એકતરફવાળા ઔડાની કોઇ જવાબદારી રહેશે નહી.

૧૨.એકતરફવાળાએ મકાનની સાથે વસુલવામાં આવેલ મેઇન્ટેનન્સ ડીપોઝીટની રકમ સામાન્ય સુવિધાઓ તબદીલ કરતી વેળાએ આવા પ્રકારનો વહીવટ સુપ્રત કરતા પહેલા સત્તામંડળ દ્વારા મેઇન્ટેનન્સ પેટે ખર્ચ કરેલ રકમ બાદ કરી, બાકી રહેતી રકમ બીજીતરફવાળાના એસોસીએશનના બેંક ખાતામાં જમા કરાવવામાં આવશે. સદરહું રકમમાંથી સમગ્ર વસાહતની સામાન્ય સુવિધાઓની મરામત નિભાવની જરૂરી વ્યવસ્થા જે તે એસોસિએશન દ્વારા જ કરવાની રહેશે.

૧૩. બીજીતરફવાળા લાભાર્થીએ આવાસના અરજી ફોર્મમાં જણાવેલ સઘળી વિગતો પૈકી જો કોઇ પણ માહીતી ખોટી સાબિત થશે તો મકાનની ફાળવણી રદ કરવામાં આવશે, અને ભરેલી પુરેપુરી રકમ જપ્ત કરવામાં આવશે. તેમજ અરજદાર/લાભાર્થી સામે અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ કાયદેસર કાર્યવાહી કરી શકશે.

૧૪. બીજીતરફવાળા-લાભાર્થીની ઉંમર અરજી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ થયેલ હોવી જરૂરી છે.

૧૫. લોન લીધેલ લાભાર્થીઓના કિસ્સામાં લોન લેતી વખતે કરેલ ટ્રાય પાર્ટી એગ્રીમેન્ટની શરતો મુજબ વર્તવાનું રહેશે.

૧૬. તદઉપરાંત અરજી પત્રકમાં તથા ફાળવણીપત્રમાં જણાવેલ તમામ શરતોનો બીજીતરફવાળા લાભાર્થીએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. કોઇપણ શરતનો ભંગ થશે, તો ફાળવેલ આવાસ/ફ્લેટ રદ્દ કરી ભરેલ રકમ જપ્ત કરવામાં આવશે. બીજીતરફવાળા દ્વારા એકતરફવાળાએ નક્કી કરેલ તમામ રકમ ચુકવ્યા બાદ જ આવાસ ઉપર કાયદેસર હક્ક પ્રાપ્ત થયેલ ગણાશે.

૧૭. બીજીતરફવાળા/લાભાર્થીના કુટુંબના સભ્યો દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગતના ચાર ઘટકો **AHP (Affordable Housing in Partnership), BLC (Beneficiary Led Construction), CLSS (Credit Linked Subside Scheme), ISSR (In – Situ Slum Redevelopment)**પૈકી અગાઉ કોઇ પણ ઘટકનો લાભ મેળવેલ નથી. આ મુદ્દે જો કોઇ ખોટી રજુઆત કરી હોવાનું ધ્યાનમાં આવશે તો તેમને ફાળવાયેલ આવાસનું એલોટમેન્ટ ઔડા દ્વારા રદ્દ કરવામાં આવશે તથા ભરેલ ડિપોઝીટની રકમ પુરેપુરી જપ્ત કરવામાં આવશે.

૧૮. સદરહું મિલકતની ફાળવણી અંગેની આ લેખમાં જણાવેલ તથા ફાળવણી અંગેની કોઇપણ બોલી કે શરતનો ભંગ થવાના કિસ્સામાં અથવા તો આ મિલકતનો કોઇપણ રીતે અનઅધિકૃત, ગેરવાજબી, ગેરકાયદેસર કે વિવાદાસ્પદ ઉપયોગ થવાના કિસ્સામાં આવાસ વેચાણ રાખનાર તેના કૃત્ય બદલ સંપૂર્ણપણે જવાબદાર રહેશે તેમજ શરતભંગના કિસ્સામાં ફાળવણી રદ કરવાનો અધિકાર એકતરફવાળા સત્તામંડળને રહેશે.

૧૯. આ અંગેની શરતો અથવા તો પ્રક્રિયા બાબતે વિવાદ થવાના કિસ્સામાં એકતરફવાળા/સત્તામંડળનો નિર્ણય આખરી ગણાશે અને બીજીતરફવાળાને બંધનકર્તા રહેશે.

પઝેશન આપ્યા તારીખ :- .......................

મિલકતની વિગત (શીડયુલ્ડ)

| T.P/F.Pનંબર | આવાસનું સ્થળ | આવાસની વિગત | બાંધકામ ક્ષેત્રફળ |
|---|---|---|---|
| ...................<br>ટી.પી. .........<br>એફ.પી. ........ | ........................<br>મોજે -................ | બ્લોક નંબર:- ........<br>ફ્લોર નંબર:- .......<br>આવાસ નંબર:-....... | ........... ચો.મી. |

મિલકતના ખૂંટની વિગત

પૂર્વ દિશાએ :- ..............................

પશ્ચિમ દિશાએ:- ..............................

ઉત્તર દિશાએ:- ..............................

દક્ષિણ દિશાએ :- ..............................

ઉપરોકત વિગતવાળી મિલકતનું ઉપરદળનું બાંધકામ ઉપરોકત શરતોને આધિન આજરોજ એકતરફવાળાએ, બીજીતરફવાળાને આ દસ્તાવેજથી તબદીલ કરેલ છે. તેથી હવે બીજીતરફવાળા આ મિલકતનાં ઉપરદળનાં કબજા ધારક બને છે અને તેઓ તથા તેઓના કુટુંબના સભ્યો રહેઠાણ તરીકે તેનો ઉપયોગ કરવા/ભોગવટો કરવા હક્કદાર રહેશે. તેઓના વંશ વારસો પણ તેનો રહેઠાણ તરીકે ઉપયોગ/ભોગવટો કરવા હક્કદાર રહેશે. જમીનની માલિકી એકતરફવાળાની જ રહેશે.

**Urban Development and Urban Development Department Resolution no. AHM/102015/453/TH-1, Dated 15/02/2016** અન્વયે**EWS - I** અને **EWS - II** માં મહેસુલ વિભાગના તા. ૧૩/૧૧/૨૦૨૦ના નોટીફીકેશન **GHM-2020-119-M-STP-122017-1420-H.1** મુજબ **EWS – I** માં ૩૦ ચો.મી. સુધીના કાર્પેટ એરિયા અને **EWS – II** માં ૪૦ ચો.મી. સુધીના **GHB/ULB/UDA** ના યુનિટમાં ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ની આર્ટીકલ–૨૦ મુજબ સ્ટેમ્પ રૂ.૧૦૦/-નક્કી કરેલ છે. આ નિયમ પ્રમાણે સ્ટેમ્પ ડયુટી અને વિભાગ ધ્વારા નક્કી કરેલ રજીસ્ટ્રેશન ફી અને સ્ટેમ્પ ડયુટી ફી વેચાણ લેનારે ભરવાની રહેશે.

દસ્તાવેજ કરી આપવાની સત્તા મે.મુખ્ય કારોબારીઅધિકારીશ્રી તેઓના તા.૦૮/૦૨/૨૦૨૨ના રોજના ઓફિસ ઓર્ડર નં-૧૮૨૯ થી મામલતદારશ્રીને આપેલ છે.

સ્થળ– અમદાવાદ. તા.................

અત્રે..........................................મતુ અત્રે...........................................શાખ

<u>લખી આપનારની સહી</u> <u>સાક્ષીની સહી</u>

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ

મુખ્ય કારોબારી અધિકારી વતી ૧. ..................................

મામલતદારશ્રી **(EWS)**

.................................. ૨. ..................................

૧.(૧) વેચાણ થતી મિલકતનો દુરનો ફોટોગ્રાફ :-

મિલકતનું પોસ્ટલસરનામું :- ....../......., .................. આવાસ યોજના,........,
................................................

મિલકત રાખનારની સહી :- ..................................................................

મિલકત તબદીલ કરનારની સહી :- .......................................................

**૧.(૨) વેચાણ થતી મિલકતનો નજીકથી ફોટોગ્રાફ :-**

**મિલકતનું પોસ્ટલ સરનામું:- -....../......., .................. આવાસ યોજના,........,**

**...............................................**

**મિલકત રાખનારની સહી :- ..............................................................**

**મિલકત તબદીલ કરનારની સહી :- .......................................................**